


સ્થાપક : સ્વ. શાંતિભાઈ ધોળકિયા
તંત્રી : વિરેન શાં. ધોળકિયા
લવાજમ : વાર્ષિક રૂા. ૧૦૦/-
વર્ષ : ઓગષ્ટ થી જુલાઈ

વર્ષ : ૪૯ અંક : ૧૨
જુલાઈ – ૨૦૧૩

શિક્ષણ સેવા સંરક્ષણ






# હર બની પૂજાય છે...

અત્ર તત્ર સર્વત્ર ઈશ્વર વિના કંઈ નથી,
તેમ છતાં તેમના નામે જગતમાં ક્યાંય ઘર નથી,
મંદિરોની માલિકી ચોપડે છે ટ્રસ્ટની,
મહેલ હો કે ઝુંપડી પ્રભુ માત્ર ફોટા મહીં,
સાચવે છે તું સમય સર્વનો છતાં અહીં,
તારા માટે સમયની નોંધણી ક્યાંય નથી,
ઉત્સવો ઉજવે સહુ સ્થાપના તારી કરી,
આયોજકોનું ધ્યાન તો છે અનુદાનની નોંધ મહીં,
પ્રભુ તારા બનાવેલા બધા હવે તુ જ ને બનાવે છે,
ભાવતાલ નક્કી થયા પછી મૂર્તિ તારી ઘડાય છે,
કોણ કહે છે "મનહર" એ મનનો હરનાર છે,
હરિને પણ હરી જનારા હર બની પૂજાય છે.

– મનહર જે. વૈષ્ણવ, રાજકોટ.



નોંધ લેશો : ઓગષ્ટનો બરછીનો અંક તા. ૩૧/૮ના રોજ અને ત્યારબાદના અંકો પણ હવેથી દર માસની તા. ૩૦ તારીખે પ્રકાશિત થશે. રાજકોટના રૂબરૂ બરછી મેળવવા રૂા. ૧૦૦ લવાજમ ભરનાર ગ્રાહકોને તા. ૩ કે પછી કાર્યાલયેથી બરછી મેળવવા વિનંતી અથવા ફોન કરીને આવશો...અમે પણ ફોન કરવા પ્રયત્ન કરીશું. –તંત્રી.

બરછી કાર્યાલયનું સરનામું નોંધી લેશોજી...
બરછી કાર્યાલય C/o. [illegible] આર્ટ પ્રિન્ટર્સ, [illegible] બિલ્ડીંગ, [illegible] રોડ, રાજકોટ- ૧.
ફોન : ૦૨૮૧-૨૨૫૩૮૬૩ મો. ૯૪૨૮૭ ૭૦૮૫૫ e mail : barchhi@rediffmail.com Web : www.barchhi.com

# નાગર રત્ન સ્વ. શ્રી વિશ્વનાથ ડોલરરાય હાથી(પાલનપુર) ૧૦૯મી જન્મજયંતિ નિમીત્તે હાથી પરીવારની સ્મૃતિ-વંદના

**૨૩-૭-૧૯૦૪** **૪-૫-૧૯૯૦**

માળાના ૧૦૮ મણકા ફરતા ફરતા અટકે તે "મેર" તેની શિરોવંદના કરો એટલે માળા પૂરી થાય. પણ અહીં તો એક નાગરરત્ન સ્વ. શ્રી વિશ્વનાથ ડોલરરાય હાથીની જીવન સ્મૃતિઓને નવજીવન પ્રાપ્ત થયું તેમના પુત્રોએ પ્રસિધ્ધ કરેલ તેમની સ્મૃતિ ગાથા 'ગૌરવનું ગુરૂશિખર'થી. આનાથી આગવી સ્મૃતિ વંદના કઈ હોઈ શકે ?



**જન્મઃ-** ૨૩ જુલાઈ ૧૯૦૪ ગુરૂપૂર્ણિમાનો અનેરો તહેવાર. ઝળહળતી ચાંદનીના ચાંદરણે પ્રગટયો વિશ્વનો નાથ.

**પાલનપુર આગમનઃ-** સૌરાષ્ટ્રના આ નાગર નબીરા વિશ્વનાથે ૧૯૨૬માં સૌરાષ્ટ્રની ધીંગી ધરતીને સલામ કરી બનાસકાંઠા જીલ્લાને પોતાનું સમજી પાલનપુરીઓને પોતાના બનાવી તેને કર્મભૂમિ બનાવી દરેકના દિલોદીમાગમાં પોતાનું સ્થાન કંડારી સોનામાં સુંગંધની જેમ પૂર્ણ પાલનપુરી બની રહયા અને "હાથીકાકા" ના હુલામણા નામથી જાણીતા થયા. અને એટલે જ પ્રો. શ્રી યશવંત શુકલને તેમને "પાલનપુરના સ્થાન દેવતા" કહી નવાજયા. પાલનપુરના બે સ્તંભ -એક કીર્તિસ્તંભ અને બીજો હાથીકાકાનની કીર્તિનો સ્તંભ.

**સંઘર્ષમયજીવનઃ-** પિતાએ ૩૬ વર્ષની ઉંમરે નોકરી છોડતાં ત્રણ ભાઈ, બે બહેનોને ભણાવી પરણાવી થાળે પાડયા. ૧૯૫૩મા નાનાભાઈનું અવસાન થતાં તેમના પરિવારને પણ પોતાની સાથે જ રાખી ઉછેર્યા. પોતાના પરિવારની જવાબદારી પણ નિભાવી-ટુંકી આવકમાં આવી કુટુંબભાવના આજે કયાં જોવા મળે છે?

**ઉજજવળ કારકીર્દિઃ-** ૧૯૨૬માં અંગ્રેજી અને પોલિટીકલ સાયન્સ સાથે ગ્રેજયુએટ થયા અને ૧૯૪૦માં "પોઝીસન ઓફ ઈન્ડીયન સ્ટેટસ ઈન ફેડરેશન" ઉપર થીસીસ લખ્યો અને એમ એની ડીગ્રી પ્રાપ્ત કરી. એક જ સંસ્થામાં નોકરી કરી, એ જ સંસ્થામાં ઉંચા હોદે પહોચવું એ કાબેલીયત ગણાય પણ ૧૭ વર્ષ પાલનપુર હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપનાર વ્યકિત પાલનપુર સ્ટેટના એજ્યુ.ઈન્સ્પેકટર, પીડબલ્યુડી ઓફીસર, એકાઉન્ટન્ટ ઓફીસર અને ડીસ્ટ્રકીટ ટ્રેઝરી ઓફીસર જેવા હોદાઓની જવાબદારી કુશળતાપુર્વક નિભાવી. મુંબઈ રાજયના અંડર સર્વેયર જેવી પોસ્ટ ઉપરથી નિવૃત થાય એ તેમની કાબેલીયત કાર્યદક્ષતા અને કુશળતા અને બુધ્ધિમતાનું પ્રમાણ છે.

૧૯૫૯ માં નિવૃત્તી બાદ પ્રવૃતિ એટલે પાલનપુરની કોલેજ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લાયબ્રેરી જેવી નાની મોટી ૧૬ સંસ્થાઓનું સફળ સંચાલન અને તેમની પાલનપુરીઓ પ્રત્યેની નિષ્ઠા ,સેવા અને સહકારની ભાવનાનું ઉતમ ઉદાહરણ છે. આવી સિધ્ધિ કોઈ વિરલ વ્યકિત જ મેળવી શકે.

**કુટુંબ વત્સલતા :-** પ્રજામાં પ્રિય અને કુટુંબમાં પણ એટલાજ પ્રિય સાલસ સરળ સ્વભાવ, કોઈને પણ મદદ કરવાની ભાવના, આતિથ્ય નું જ આદર્શ ઉદાહરણ અને કુટુંબ વત્સલતાને કારણે નાગરી નાતમાં પણ એટલા જ માન સન્માન અને આદર મેળવવામાં પણ એટલાજ ભાગ્યશાળી થયા.

**પરોપકારી વૃતિ :** – સરકારી કાયદાઓના નિયમોને ધ્યાનમાં રાખી તેનું ઉલ્લંઘન ન થાય તે રીતે તેનું

**સૌને માટે અને વિશેષ તો નવા જોડાવા ઈચ્છતા જ્ઞાતિજનોની જાણ માટે barchhi.com ની સાઈટ ઉપર જૂન-જૂલાઈનો અંક વિના મૂલ્યે (ફ્રી) વાંચી શકો છો..**

**જૂલાઈ-૧૩નો આ વર્ષનો છેલ્લો અંક છે...જેનું પોસ્ટીંગ તા. ૩૦/૭/૧૩ના રોજ કરવામાં આવશે. ઓગષ્ટથી નવું વર્ષ શરૂ થશે...લવાજમ બાકી હોય તો મોકલી આપવા વિનંતી.કે નવા ગ્રાહક થવા ઈચ્છતા હો તો અન્યત્ર આપેલ માહિતી પ્રમાણે લવાજમ મોકલી શકો છો...બેંક દ્વારા ભરો તો લવાજમ ભર્યાની બેંક સ્લીપ, પૂરૂં નામ, સરનામુ, ફોન નંબર કાર્યાલયે ટપાલ કે કુરિઅર દ્વારા મોકલવાથી અંક મોકલવામાં આવશે. -તંત્રી**

અર્થઘટન કરી કોઈને પણ મદદ કરી છુટવાની ભાવના તેમનામાં હંમેશા રહી છે. એટલે જ પાલનપુર સ્ટેટના નવાબની નોકરી કરતા કર્મચારીઓના પેન્શન અને વર્ષાસન બંધાવી આપ્યાં.

**ઉતમ વકતા અને સર્વધર્મ સમભાવ :–** મૌલિકતા સહજતા અને અદ્‌ભુત વાક્‌છટા સરળ શૈલીમાં કોઈપણ વિષયની હળવી અને રમૂજી રજુઆત ,ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષા ઉપરનું તેમનું પ્રભુત્વ એ તેમને મળેલી એક કુદરતી બક્ષીસ હતી, જે તેમની વિદ્વતાની ઊંડી છાપ ઉભી કરતી. સર્વધર્મ સમભાવ અને એમનો જીવનમંત્ર. હિન્દુ મુસ્લીમ શીખ ઈસાઈ –ગરીબ હોય કે તવંગર કોઈપણ આંગણે આવે, આદર સત્કાર અને ભલામણ ચિઠ્ઠી વગર ખાલી હાથ પરત ન થાય. તેમની ભલામણ ચિઠ્ઠી એટલે નરસિંહ મહેતાની હૂંડી.... લઈ જનારનું કાયૂસિધ્ધ થાય જ !

**અંતિમ વિદાય :–** આવી વિરલ વ્યકિતની વિદાય પ્રભાવશાળી અને ગૌરવશાળી જ હોઈ શકે...

ચાર-પાંચ – ઓગણીસો નેવું
ઈશ્વરનું આવ્યું તેડું
જય હાટકેશ, ઓમ નમઃ શિવાય
ઓમ નમો અરીહંતાણમ્
યા ખુંદા બિસમિલ્લા પરવરદિગાર
હૈયે સર્વધર્મ સમભાવ સહ
ત્યજી દીધો આ અસાર સંસાર

એટલે જ કહયું છે કે :
" જિંદગીનો એ જ સાચો છે પડઘો ગની,
હોયના વ્યકિતને એનું નામ બોલાયા કરે,
હતો એ મસ્ત પ્રવાસી કરી પ્રવાસ સફળ
અનોખી શાનથી "ઘાયલ" ગયો સ્વધામ તરફ"

**જયંત હાથી – દિનેશ હાથી – માર્તન્ડ હાથી – રશ્મિન હાથી – કુ. સુધા હાથી**
**ફોન નં. ૦૨૭૪૨૨૫૪૦૭૭ તથા મો ૦૯૯૩૦૮૧૨૯૦૨ અને ૯૮૨૫૩ ૯૧૫૩૬**

---

## અનંતના યાત્રીઓ :

ગં.સ્વ. મંદાકીનીબેન ભાર્ગવપ્રસાદ બુચનું અમદાવાદ ખાતે – મૂળ ભુજનાં ગં. સ્વ. ઉષાબેન ચંદુલાલ ધોળકિયાનું ૮૧ વર્ષની વયે રાજકોટ ખાતે અવસાન.

---

## પ્રહર્ષ હાથી

વડોદરા સ્થિત શ્રી હિમાંશુ માર્તડરાય હાથી તથા શ્રીમતી પૂર્વી હિમાંશુ હાથીના પુત્ર પ્રહર્ષ હિમાંશુ હાથી એસ.એસ.સી.માં ૯૦% તેમજ ૯૯.૪૦ પી આર સાથે ઉર્તીણ થયા. ગણિતમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરેલ છે. પ્રહર્ષ પાલનપુર નિવાસી રેખાબેન માર્તંડરાય હાથીનાં પૌત્ર તેમજ વડોદરા નિવાસી શ્રી ભાવનાબેન વિપુલભાઈ પ્ર. મહેતાના દોહિત્ર થાય

## પ્રાચી વૈષ્ણવ એમ.એસ. કરવા જર્મની ગયાં



મૂળ જુનાગઢના અમદાવાદ સ્થિત અસ્મિતા અને સ્વ. ભરત ગજેન્દ્રલાલ વૈષ્ણવનાં પુત્રી કુ. પ્રાચી વૈષ્ણવ  પૂર્ણ સ્કોલરશીપ સાથે જર્મની એમ.એસ. (કમ્યુનીકેશન) કરવા ગયાં . પ્રાચીએ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (એનઆઈટી-સુરત)માંથી બી.ટેક. (ઈ.સી.) કરેલ છે. કુ. પ્રાચી ગં.સ્વ. ઉર્વશીબેન અને સ્વ. ગજેન્દ્રલાલ વૈષ્ણવનાં પૌત્રી થાય.

## જય વૈષ્ણવ બી.ઈ.(સી.ઈ.) થયા



જુનાગઢના રાજકોટ સ્થિત શ્રી અભય અને સ્નેહા વૈષ્ણવના પુત્ર જય બીઈ (સી ઈ ) ના અભ્યાસમાં ૭ સેમેસ્ટરની ઉચ્ચ કક્ષા જાળવી રાખી આઠમાં સેમે. માં ૯.૬ એસપીએલ સાથે  બી.ઇ. કોમ્પ્યુટર એન્જીનીયર. થયા. જય શ્રીમતી મંજરી વિભાકરભાઈ વૈષ્ણવના પૌત્ર અને શ્રીમતી જયોત્સનાબેન ભાસ્કરભાઈ જોષીપુરાના દોહિત્ર થાય.



## મીત ધોળકીયા બી.ઈ. (સી.ઈ.) થયા

જુનાગઢ સ્થિત શ્રીમતી હીનાબેન તથા કેયુરભાઈ ધોળકીયાના પુત્ર મીત ધોળકિયા વડોદરા ખાતેની બિટસ એન્જીનીયરીગ કોલેજમાંથી બી. ઈ. (સી.ઈ.)માં  ૭૬% સાથે ઉતીર્ણ થયા. મીત શ્રીમતી હંસાબેન તથા રમેશભાઈ ધોળકીયાના પૌત્ર તથા સ્વ. કોકીલાબેન તથા મૃગેન્દ્રભાઈ ઘોડાના દોહિત્ર થાય.

## કૌશલ  વસાવડા બી. ઈ. (મીકે) થયા



જુનાગઢ સ્થિત શ્રીમતી કીર્તનાબહેન તથા પરેશભાઈ વસાવડાના પુત્ર કૌશલ જીટીયુ દ્વારા લેવાયેલ બી. ઈ. મીકેનીકલના ૮ મા સેમેસ્ટરની પરીક્ષામાં ૮.૨૧ એસપીટી સાથે (બીવીએમ કોલેજ વ. વિદ્યાનગર માંથી) ઉત્તીર્ણ થઈ તાજેતરમાં જર્મનીની (એમએનસી) કંપની લેન્ડે એન્જી. ઈન્ડીયા પ્રા.લી.માં ટ્રેઈની એન્જીનીયર તરીકે વડોદરા ખાતે જોડાયા. કૌશલ જુનાગઢના સ્વ. ઈન્દુબેન ભાસ્કરભાઈ વસાવડાના પૌત્ર તથા જુનાગઢના શ્રીમતી જયેન્દ્રાબહેન પ્રસન્નકુમાર વી. નાણાવટીના દોહિત્ર થાય.

## કુ. નિર્વિષા માંકડ

ભરૂચ સ્થિત પિયૂષ કિશોરકાન્ત માંકડ અને અર્ચના પિયૂષ માંકડનાં પુત્રી ચિ. નિર્વિષાએ આંતરરાષ્ટ્રીય અંગ્રેજી ઓલીમ્પિયાડ -૨૦૧૨-૧૩ (જેની પરીક્ષા બ્રિટિશ કાઉન્સીલ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાના સહયોગમાં SOF દ્વારા લેવાય છે) સમગ્ર ગુજરાત રાજયમાં તૃતીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૧૫૪ મો ક્રમાંક મેળવી પરિવાર, જ્ઞાતિ તથા શાળાનું ગૌરવ વધાર્યુ છે. જે બદલ તેણીને સર્ટીફીકેટ તથા પારિતોષીક એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત એપ્રિલ ૨૦૧૩માં ગુજરાત ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલ વિજ્ઞાનપ્રવાહના બીજાં સેમેસ્ટરમાં ૯૯.૯૭% પર્સેન્ટાઈલ (૯૫.૪) અને એ -૧ ગ્રેડ મેળવી ભરૂચ અને નર્મદા જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે , ગૃપ-એ ના કુલ ૭૪૩૦૬ પરીક્ષાર્થીઓ માંથી સમગ્ર ગુજરાતમાં માત્ર ૨૭ પરીક્ષાર્થી જ એ -૧ ગ્રેડ મેળવી શકેલ છે.

## સહજ વૈદ્ય એસ.એસ.સી. બોર્ડમાં સાતમા સ્થાને




રાજકોટ સ્થિત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગણિતશાસ્ત્ર ભવનના પ્રો. સમીર વૈદ્ય અને સુચી વૈદ્યનાં પુત્રી સહજે ગુ. મા. બોર્ડ દ્વારા લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૯.૯૩% પીઆર. (૯૪%)સાથે બોર્ડમાં સાથમું સ્થાન મેળવી જ્વલંત સફળતા મેળ વી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સહજની મોટી બેન કુ. સંગતે પણ કમ્પ્યુટર એન્જીનીયરીંગ ના દરેક સેમેસ્ટરમાં જીટીયુના ટોપર્સમાં સ્થાન મેળવવાનો સિલસિલો જાળવી રાખ્યો છે. ઈન્દીરાબેન અને પ્રિ. કૌશિકભાઈ જે. વૈદ્ય (કવિજીવ-જેઓના કાવ્યો-મુકતકો બરછીના વાંચકોએ માણ્યાં છે)નાં પૌત્રી તેમજ નૌમાલિકાબેન અને દિવ્યકાંતભાઈ ડી. છાયાની દોહિત્રી અને વિદ્યાર્થીપ્રિય શિક્ષક સુરુચીબેન અને આકાશવાણી રાજકોટના(ખરે જ) શ્રોતાપ્રિય અધિકારી પ્રેરક વૈદ્યની ભત્રીજીઓ થાય.

પારિવારીક વિદ્યા વારસાને દીપાવવા બદલ અભિનંદન સહ કલા સાહિત્ય સાથે પણ 'સહજ-સંગત' કેળવી બંને બહેનોને આગે બઢોની શુભકામના.

## કુ. ભાવિ મહેતા



રાજકોટ સ્થિત હર્ષાયુભાઈ મહેતા તથા ઉમાબેન મહેતાનાં પુત્રી ભાવિએ વર્ષ ૨૦૧૩ માં લેવાયેલ ધો. ૧૦ ની પરીક્ષામાં ૮૮%/૯૮.૮૦ પર્સેનટાઈલ મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે. ચિ. ભાવિ સ્વ. શ્રી રજનીકાંતભાઈ વછરાજાનીનાં દોહિત્રી તથા સ્વ. શ્રી રજનીકાંન્ત ભાઈ મહેતાનાં પૌત્રી થાય છે.



## ચિ. પાર્થ રસેન્દુકુમાર છાયાને અભિનંદન-શુભકામના

ચિ. પાર્થ છાયા વર્ષ ૨૦૧૨-૧૩માં જીટીયુ દ્વારા લેવાયેલ બી.ઈ. સિવિલની પરીક્ષામાં શ્રી એસ એન પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાંથી ડીસ્ટીંકશન માર્કસ (૮.૫) થી ઉર્તીણ થઈ જ્વલંત સફળતા મેળવેલ છે. અભિનંદન સાથે એમ.ટેક. સિવિલના આગળના અભ્યાસ માટે તેમને આવી જ સફળતા મળે તેવી શુભેચ્છા...

**શ્રી રસેન્દુ ટી. છાયા (પિતા) સુરત**

**શ્રીમતી નીતા આર. છાયા(માતા) સુરત**

| **ફુઆ** | **ફઈ** |
|---|---|
| શ્રી ચિતરંજન એન. મહેતા-પાટણ | શ્રીમતી નીલાબેન સી. મહેતા |
| સ્વ. જનાર્દન એસ. ઓઝા-રાજકોટ | ગં.સ્વ. નીરુપમા જે. ઓઝા (મથુરા) |
| શ્રી કલાપી એ. વૈષ્ણવ-જુનાગઢ | શ્રીમતી મધુરીકા કે. વૈષ્ણવ |
| શ્રી રાજેશ એસ મહેતા-અમદાવાદ | શ્રીમતી હેમા આર. મહેતા |
| સ્વ. અનીલ એ. વૈષ્ણવ-જુનાગઢ | શ્રીમતી મીના એ. વૈષ્ણવ |

શ્રી નરેન્દ્ર કડીવાલા-સુરત(નાના), શ્રીમતી હેમલતા એન. કડીવાલા(નાની) (નરેન્દ્ર સિલ્ક મિલ્સ)

શ્રી જયેશકુમાર કડીવાલા-સુરત(માસા) સૌ. સંગીતા કડીવાલા(માસી)

(કડીવાલા વીવીંગ વર્કસ) તથા સ્વ. ત્રિભોવનદાસ છાયા અને સ્વ. ઉતમરામ કડીવાલાનો સમસ્ત પરીવાર

# કચ્છ નાગર પરિવાર – અષાઢી બીજ કચ્છી નવા વર્ષની ઉજવણી

રાજકોટ ખાતે અષાઢી બીજ કચ્છી નવા વર્ષ પ્રસંગે તા. ૧૦/૭/૧૩ના રોજ કચ્છના નાગર પરિવાર દ્વારા નાગર બોર્ડિંગ ખાતે નૂતન વર્ષનું સ્નેહમિલન યોજાય ગયું. શ્રીમતી નીધિ પોટાની પ્રાર્થના સ્તુતિ ગાન બાદ સંસ્થાના પ્રમુખશ્રી મકરંદભાઈ વોરાએ ઉપસ્થિત પરિવારજનોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સંસ્થાના અગ્રણી શ્રી નૈષધભાઈ ધોળકિયાએ પરિવારના સચિવ તેમજ વર્ષોથી કચ્છ નાગર પરિવાર તથા સમગ્ર જ્ઞાતિના મૂલ્યવાન સેવક સ્વ. વિભાકરભાઈ અંજારીયાને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પતાં તેમની ખોટ પરિવાર માટે વજ્રાઘાત સમાન બની રહેશે તેમ જણાવી તેમની સેવાની નોંધ લઈ તેમના પત્ની શ્રીમતી પલ્લવીબેન અંજારીયાને શ્રીમતી શર્મિષ્ઠાબેન વોરાના હસ્તે સ્મૃતિચિન્હ અર્પણ કરવામાં આવેલ. ત્યારબાદ સંસ્થાના પૂર્વપ્રમુખશ્રી મનુભાઈ બુચે ૭૫ વર્ષ પૂર્ણ કરતાં અતિથિવિશેષ શ્રી હરિલાલ ભાઈ વૈદ્યને હસ્તે સંસ્થા વતી શાલ ઓઢાડી તેઓનું બહુમાન કરવામાં આવેલ. બંનેએ પ્રસંગોચિત્ત વકતવ્ય આપેલ. સ્નેહમિલન પ્રસંગે અનુદાન આપી સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરેલ. સંસ્થા દ્વારા આગામી કાર્યક્રમોની માહિતી આપવામાં આવ્યા બાદ નિવૃત્ત થતા વર્તમાન પ્રમુખશ્રી મકરંદભાઈ વોરાને સ્થાને શ્રી નિશેન્દુભાઈ માંકડની સર્વાનુમતે કરી જાહેરાત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમના સંચાલનનો દોર શ્રી બંકિમ વૈશ્નવે સંભાળ્યો હતો. અંતમાં સાઉથ ઈન્ડીયન વાનગીનો આસ્વાદ માણી સૌ છૂટા પડયા હતાં.

કારોબારી સદસ્યો સર્વશ્રી નિશેન્દુભાઈ માંકડ, અભયભાઈ અંજારીયા, કિરણભાઈ છાયા, વિમલભાઈ પાઠક, ભાલુભાઈ વૈદ્યએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પ્રતિભાશાળી એડવોકેટ જનકભાઈ વોરાનું દેહાવસાન



ઉનાના બાહોશ અને અગ્રગણ્ય ધારાશાસ્ત્રી, ધર્મપરાયણ,નિરાભીમાની માઈભકત શ્રી જનકરાય વ્યંકટરાય વોરાનું તા. ૧૮/૬ના રોજ દેહાવસાન થયું.

શ્રી જનકભાઈ વોરાનો જન્મ ૬/૮/૧૯૩૩ના રોજ થયો. પ્રાથમિક શિક્ષણ ઉનામાં લીધા બાદ રાજકોટમાં બી.એ.,એલએલ.બીનો અભ્યાસ કર્યો. વકીલાત શરૂ કરી અને કુશળ ધારાશાસ્ત્રી તરીકે ૫૫ વર્ષ દરમ્યાન હજારો કેસો લડયા. અસંખ્ય ચુકાદાઓ પોતાની બુધ્ધિપ્રતિભા અને આવડતને કારણે પોતાની તરફેણમાં આવ્યા. કોઈપણ પ્રકારના લોભ કે લાલચને વશ થયા વગર નિર્ભિકતાથી ગરીબ અને સામાન્ય વર્ગને મદદરૂપ થઈ ન્યાય અપાવ્યો. શ્રી જનકભાઈની સતેજ યાદશકિત અને તીક્ષ્ણ બુધ્ધિમત્તાને કારણે તેમના વકીલ મિત્રોએ કાયદાની હાલતી ચાલતી લાયબ્રેરીની ઉપમા આપી હતી.તેઓ ઉના બાર એસો.ના લગભગ ૩૦ વર્ષ સુધી સર્વાનુમતે પ્રમુખ રહયા હતા. ભારતની સર્વપ્રથમ લોક અદાલત તેઓની રાહબરીમાં આયોજિત થઈ હતી. ઉનાની સ્યુગર ફેકટરીના વર્ષો સુધી લીગલ એડવાઈઝર રહયા.ઉના તાલુકાના પ્રતિનિધી તરીકે ચૂંટાઈ આવી જિલ્લા પંચાયતના સભ્ય તરીકે સતત ૧૦ વર્ષ સેવા આપી ઉના તાલુકાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહયા. ઉના તા.ની તમામ શૈક્ષણિક, ધાર્મિક, તબીબી સંસ્થાઓમાં ટ્રસ્ટી તથા સલાહકાર તરીકે રહી સેવારત રહયા. કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં સતત ૨૫ વર્ષ સરકારી વકીલ તરીકે કાર્યરત રહી અત્યંત લોકચાહના પ્રાપ્ત કરી હતી. કલેકટરશ્રીના સતત આગ્રહ છતાં નાદુરસ્ત તબીયતને કારણે છેલ્લા એક વર્ષથી નિવૃત્ત થયા હતા.

શ્રી જનકભાઈનો પરિવાર પ્રેમ બેનમૂન હતો.. માઈકલાપી-મંદિરમાં અપાર શ્રધ્ધા તેથી ઈ. સ. ૨૦૦૮માં નવરાત્રિ દરમ્યાન ભાવભકિતસભર સ્થાપન કરાવી કુટુંબ તથા જ્ઞાતિજનોને ૯ દિવસ સુધી મોજ કરાવી હતી. તેમજ ચાલુ વર્ષે દિવાળી બાદ ૪ દિવસ માટે જૂનાગઢમાં સમગ્ર વોરા પરિવારની પાંચ પેઢીના પરિવારોનો કુટુંબમેળો યોજ્યો.

ગીતાજીના ૧૫મા અધ્યાય 'નિર્માનમોહા જિતસંગ દોષા..' ને જીવનમાં ઉતારી નિર્મોહી રહી ૧૮/૬ના રોજ જનકભાઈએ વિદાય લીધી. અંતિમ દર્શને આવનાર શહેરીજનો તથા ગરીબોની અશ્રુસભર આંખ તથા તાલુકા કેળવણી મંડળની આગેવાની નીચે તા. ૨૧/૬ની શ્રધ્ધાંજલિ સભામાં મોટી સંખ્યામાં લોકહાજરી દ્વારા તેમની સેવાઓ અને કર્તવ્યનિષ્ઠાની સુવાસનું પ્રતિબિંબ જોઈ શકાતાં હતાં.ૐ શાંતિઃ

# મોરેશીયસ ખાતે ભારતીય પ્રતિનિધિમંડળમાં પોટા દંપતી અને યાજ્ઞિક બંધુઓ




ભારતથી આશરે ૫૦૦૦ કી.મ. દૂર ,હિન્દ મહાસાગર પર આવેલો, લગભગ ૧૦૦ કીમી લાંબો અને ૭૦ કીમી પહોળો, ૧૩ લાખની વસ્તી ધરાવતો નાનો એવો મોરીશીયસ ટાપુ તેના અપ્રતિમ પ્રાકૃતિક સૌંદર્ય, રમણીય સમુદ્રીતટ ઉપરાંત ભારતીય વિશાળતા, વૈભવ, રહેણીકરણી, હિંદુ સભ્યતા અને આધ્યાત્મિકતા નું જીવંત ઉદાહરણ છે. હિન્દુ ધર્મની ગરીમા સમાન ૧૩મું જયોર્તિલીંગ, ગંગા, તળાવ અને ૧૦૮ ફુટ ઉંચી શિવજીની મૂર્તિ ભારતીય મુલાકાતીઓનું આકર્ષણ બની રહે છે. કુલ વસ્તીના ૫૨% થી વધારે લોકોનું મૂળ ભારતી હિન્દુ છે તેવા આ દેશમાં દરેક ઘરમાં રામયાણનો ગ્રંથ, તુલસી કયારો અને શ્રી હનુમાનજીની છબિ અવશ્ય જોવા મળે છે.

મોરેશીયસ કદાચ વિશ્વનો પ્રથમ દેશ હશે જયાં રામાયણ સેન્ટરની સ્થાપના, સંસદીય ઠરાવ દ્વારા અધિનિયમને આધારે કરવામાં આવી છે. આ સેન્ટરમાં રામાયણના અધ્યયન દ્વારા હિન્દુ સંસ્કૃતિ -સંસ્કારના પ્રચાર તેમજ ભારતીય તત્વદર્શનના શિક્ષણની સુવિધા ઉપલબ્ધ છે. હાલમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ શિક્ષણ પ્રાપ્ત કરી રહયા છે. ૧૯મી એપ્રિલ, ૨૦૧૩ના રામનવમીના પવિત્ર દિવસે વિશાળ જનમેદની વચ્ચે રાષ્ટ્રપતિ શ્રી પર્યાગના વરદ હસ્તે આધ્યાત્મિક સભાગૃહના ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી અજય યાજ્ઞિક ના મધુર સ્વરે મંગલાચરણ અને રામાયણ ગાનથી આ મોરેશીયસ ટાપુ પર અદ્‌ભુત આધ્યાત્મિક વાતાવરણ સજાર્યુ હતું. આ અવસરમાં સામેલ થવા ત્યાંના અધ્યક્ષ પંડિત શ્રી રાજેન્દ્ર અરૂણ દ્વારા ભારતના લોકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ આમંત્રણન સ્વીકાર કરતાં ભારતથી ૬૫ સભ્યોનું એક અર્ધ સરકારી પ્રતિનિધિમંડળ પાંચ દિવસીય સદ્‌ભાવના યાત્રાનું આયોજન કરી મોરેશીયસ ગયું હતું. જેમાં મુંબઈના શ્રીમતી વિશાખાબેન અને શ્રી મૌલેશભાઈ પોટાનો પણ સમાવેશ હતો.આ યાત્રાનું સંયોજન ભાગવત પરિવાર દ્વારા શ્રી વીરેન્દ્ર યાજ્ઞિકે કર્યુ હતું.


મોરીશીયસના રાષ્ટ્રપતિ માનનીય શ્રી આર. કે. પર્યાગ સ્ટેટ હાઉસ -રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજેલ ખાસ મિલન સમારંભમાં પ્રતિનિધિમંડળના સભ્યોને વ્યકિતગત રીતે મળ્યા હતા અને વિવિધ સામાજિક -ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધીઓનું અભિવાદન સ્વીકાર્યુ હતું. રાષ્ટ્રીય નાગર બ્રાહ્મણ પ્રતિષ્ઠાન વતી ઉપપ્રમુખ અને મહિલા અધ્યક્ષ શ્રીમતી વિશાખાબેન અને મૌલેશભાઈ પોટાએ શાલથી રાષ્ટ્રપતિનું અભિવાદન કર્યુ હતું. (તસ્વીરમાં ડાબેથી વિરેન્દ્ર યાજ્ઞિક મૌલેશ-વિશાખા પોટા,રાષ્ટ્રપતિ,અન્ય)

## બાળવયના સ્કેટર ખ્વાબ અંતાણી



તાજેતરમાં રાજકોટ ખાતે રમાયેલી નેશનલ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૩ માં એચકેજીમાં અભ્યાસ કરતા ચિ. ખ્વાબ (શ્રીમતી શ્વેતા રચીત અંતાણીના પુત્ર - રાજકોટ સ્થિત કિરીટભાઈ અંતાણી તથા કિશોરીબેન અંતાણીના પૌત્ર)એ નેશનલ લેવલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવ્યો છે. તદુપરાંત આ વર્ષે અખિલ ભારતીય સંસ્કૃતિ સંઘ દ્વારા પૂના ખાતે યોજાયેલ કલ્ચરલ કોમ્પીટીશનમાં પણ બાળવયે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી, આગામી ડીસેમ્બર મહિનામાં દુબઈ ખાતે યોજાનારા ગ્લોબલ કલ્ચરલ ઓલિમ્પીકમાં ભાગ લેવા જશે.

## કુ. કિન્નરી વસાવડા



પોરબંદરના કુ. કિન્નરી વસાવડા માર્ચ ૨૦૧૩ માં લેવાયેલ એસ એસ સી ની પરીક્ષામાં ૯૭.૧૯ પર્સેનટાઈલ સાથે ઉર્તીણ થયેલ છે. કિન્નરી પોરબંદર સ્થિત શ્રી નીલદીપભાઈ તથા અનુપમાબેન વસાવડાની પુત્રી શ્રી અનીલભાઈ તથા દિપ્તીબેન વસાવડાનાં પૌત્રી થાય.



## કુ. ક્રિશ્ના દેસાઈ

અમદાવાદ સ્થિત ક્રિષ્ના નિશીથભાઈ દેસાઈ ધો.૧૦ ની પરીક્ષામાં ૯૯.૨૬ પી.આર. તથા ૯૨% સાથે ઉર્તીણ થયાં. તેણી ગુજરાત રાજયમાં કબડીના ચેમ્પીયન છે. ચિ. ક્રિશ્ના તરૂલતાબેન મધુકરભાઈ દેસાઈનાં પૌત્રી થાય.

## માહિની – ધરીત્રી આચાર્યનું આરંગેત્રમ્



અમદાવાદ ખાતે તા. ૨૬ મેં ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે શ્રી હેતલ કામેન્દુભાઈ આચાર્ય અને શ્રીમતી પારૂલ હેતલ આચાર્યના બંન્ને પુત્રી માહિની અને ધરિત્રીનનું આરંગેત્રમ્ યોજાઈ ગયું. જેમાં તેમણે ગણેશવંદના, અલ્લારિપુ,,જતીસ્વરમ્, કૃષ્ણ સુદામાવર્ણમ્ જેવાં કલાનૃત્યો રજૂ કરી પ્રેક્ષકોની દાદ મેળવી હતી.

---

## શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ – અમદાવાદ પારિતોષિક સ્કોલરશીપ

<u>શૈક્ષણિક પરિતોષિક</u> :

શ્રી મંડળ તરફથી ધો. ૧૦, ધો. ૧૨ (બન્ને પ્રવાહ), **B.A., B.Sc. B. Com. B. Ed., B.B.A., Eng. Medical, M. A., M.Sc. M. Com, M.B.A., LL.B. C. A.** વિગેરે ફેકલ્ટીમાં કુલ ૧૧૦ ઉપરાંત પરિતોષિક ગુજરાત રાજ્યમાંથી કોઈ પણ બોર્ડમાંથી પાસ કરેલ પરીક્ષા માટે અપાય છે. કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગરોના સંતાનો પૂરતાં આ પરિતોષિક મર્યાદિત છે. સાદા કાગળ પર અરજી, માર્કશીટ પાછળ નામ, સરનામુ, ફોન નં, લખી માર્કશીટની પ્રમાણિત નકલ સાથે, નીચેનામાંથી કોઈપણ એક સ્થળે તા. ૩૧.૦૮.૨૦૧૩ સુધીમાં પહોચાડવી

૧) કુ. નીલીમાબેન પી. વૈષ્ણવ ૨૬/બી, નારાયણનગર સોસાયટી ૮-બી, જીવન જ્યોત સોસાયટી, જય ભિખ્ખુ માર્ગ, નારાયણનગર, અમદાવાદ – ૩૮૦ ૦૦૭. ફોન નં : ૨૬૬૨ ૦૮૮૬

૨) શ્રી હેમાંગ ડી. કચ્છી અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોન નં : ૨૭૪૮ ૭૫૦૮

સ્કોલરશીપ : મંડળ દ્વારા મેડીકલ, એન્જીનીયરીંગ, મેનેજમેન્ટ વિગેરેનાં ઉચ્ચ ક્ષેત્રે અપાતી સ્કોલરશીપના ફોર્મ નીચેના સ્થળેથી મેળવી તેજ સ્થળે તા. ૩૧.૦૮.૨૦૧૩ સુધીમાં પરત કરવાં. ફોર્મ મેળવવા માટે સરનામાવાળું યોગ્ય ટીકીટ ચોંડેલું કવર મોકલવું અનિવાર્ય છે.

અમિત કે. દેસાઈ – એ/૧, માણેક એપાર્ટમેન્ટ, હોટેલ મોસ્કોની બાજુમાં. રેલ્વે સ્ટેશન સામે, મણીનગર, અમદાવાદ – ૩૮૦ ૦૦૮. ફોન. ૦૭૯-૨૫૪૬ ૬૨૩૩

# :::::::::::: મંગલ મેરેજ બ્યુરો ::::::::::::

**સંચાલક :- મમતા ઢેબર ફોન નં. ૦૨૮૧ ૨૫૭૦૬૮૧**
**(સમયમાં ફેરફાર નોંધી લેશો સવારે :- ૧૨ થી ૨, સાંજે ૭ થી ૯) (રવિવારે રજા)**
**Mail ID- mamtadhebar@yahoo.in**

**Why to compromise with limited choice, get unlimited options with MMB**

**યુવકોની યાદી ---------------કન્યા જોઈએ છીએ.**

(૧) સપ્ટે.-૮૬ ઉં. ૫'૫" અન્ડર ગ્રેજ્યુ. કોમ્પ્યુટરના તમામ પ્રોફે. કોર્સ,સધ્ધર અને નાનું કુટુંબ મંગળ છે.
(૨) ડિસેમ્બર-૮૬ ઉ. ૫'૬" બી.કોમ, એમબીએ. (ટવીનબ્રધર) બેંકના ઉચ્ચ હોદ્દા ઉપર નોકરી કરે છે.
(૩) જુલાઈ -૮૭ ઉ. ૫'૮" બી.કો. એમ. બીએ. નાનું કુટુંબ છે. (શની)
(૪) જુલાઈ -૮૫ ઉ. ૫'૧૧" બીએસસી, એમસીએ બેંગલોરમાં નોકરી કરે છે.
(૫) જુન -૮૪ ઉ. ૫'૯" બી.કોમ. એલ એલ. બી. સમૃધ્ધ, સંસ્કારી, પ્રકુતિપ્રેમી યુવક.
(૬) એપ્રિલ -૮૪ ઉ.૫'૬" બીકોમ. ડીપ્લોમાં ઈન બી મેનેજમેન્ટ (લંડન) નાનું સમૃધ્ધ કુટુંબ.
(૭) જાન્યુઆરી -૮૩ ઉ. ૫'૯" ૧૨ સાયન્સ ડીપ્લોમાં ફાર્મસી બીકોમ, એમબીએ નાનું કુટુંબ ફાર્મા કુ માં ઉચ્ચ હોદો(મંગળ છે.)
(૮) ઓકટોબર -૮૧ ઉ. ૫'૬" એમ કોમ. એમબીએ. (ચોખ્ખાગ્રહ) મુંબઈ
(૯) ઓકટોબર - ૭૯ ઉ. ૫'૧૦" બી.એસ.સી. વાર્ષિક ૧૦ લાખ આવક ધરાવે છે.(પ્રાઈવેટ ટયુશન )
-NRI કન્યા-ડિસેમ્બર ૮૬ ઉ. ૫'૩" કોમ્પ્યુટર સાયન્સ એન્જીનીયરને યોગ્ય યુવક (યુ.એસ.એ.)

## <u>મંતવ્ય :</u> સગપણ / સગાઈનો પ્રશ્ન જવાબમાં વિલંબની સમસ્યા

સામાન્ય રીતે આપણે કન્યા પક્ષને ફોનથી યુવકનો બાયોડેટા, જન્મ તારી જન્મ સમય વિગેરે લખાવીએ છીએ પછી ગ્રહ મળ્યા કે નહીં અથવા આ વિષય પર આગળ વધવાની ઈચ્છા છે કે નહીં તેનો જવાબ ૯૯% લોકો કન્યાપક્ષવાળા આપતા જ નથી તેવો અભિપ્રાય તથા અનુભવ છે. હા કે ના બંનેમાંથી જે જવાબ હોય તે નિયત સમયમાં ન આવે ત્યારે યુવકપક્ષ વાળાએ જ ફોન કરીને પૂછવું પડે છે કન્યાપક્ષ વાળાને તો જાણે પોતાની પુત્રીને પરણાવવી જ ન હોય તેમ લાગી રહયું છે કેટલીક પુત્રી વધુ ભણેલી કે વધુ કમાતી હોય તો પણ અમારી ઈચ્છા નથી, ગ્રહ મળતા નથી કે જે જવાબ હોય તે આપી દેવો જોઈએ જેથી બીજે વાત ચલાવવાની ખબર પડે. બીજો અનુભવ એવો છે કે વડોદરા તથા અમદાવાદની કન્યાઓને કે વાલીઓને સૌરાષ્ટ્ર કે રાજકોટ નાનું લાગે છે. આથી આવવા તૈયાર જ નથી. મુંબઈની કન્યા તો કયાંથી જ આવે? અમારા એક સગા કે જેઓ અમરેલી રહે છે તેઓ કહે છે કે અમરેલી માટે કોઈ કન્યા હા જ ભણતી નથી. બદલાતા સમયમાં માંગ, ઈચ્છાઓ, રહણીકરણી બધું જ ભલે બદલાયું છે. પરંતુ આની સાથે લગ્ન કરવા ઈચ્છતી યુવતીઓ અને વાલીઓએ પણ વિચાર, વ્યવહાર, વાણી બદલવાં પડશે કે બદલવા જોઈએ. અગાઉનો જમાનો હવે ભલે નથી રહયો કે મા બાપ કહે ત્યાં દીકરી બેસી જતી. મા બાપ કહે કે કરે તે સાચું જ અને સારૂં માનનાર લોકો પણ હવે કયાં છે ? વિજ્ઞાન અને ટેકનોલોજીના સમયમાં નવી શોધોનો લાભ ભલે લઈએ તેની સાથે સમયના મૂલ્યને પણ જાળવતાં શીખવાની જરૂર છે તેવું નથી લાગતુ ? અગ્રેસર ગણાતી નાગર જ્ઞાતિમાં પ્રગતિની સાથોસાથ સગપણના પ્રશ્ન પરત્વે પણ યોગ્ય ત્વરિત નિર્ણયની રાહ જોતા લોકો વિશે પણ સુજ્ઞ જ્ઞાતિજનો વિચારે તેવી માંગ છે...વિચારજો !

- ભરત અંજારિયા - રાજકોટ .

# ▶▶ ▶▶ ▶▶ ▶▶ ▶▶ ▶▶ સમાચાર સંચય ◀◀ ◀◀ ◀◀ ◀◀ ◀◀ ◀◀

▶▶ **રાજકોટ :** મુદીત વાલ્મિકભાઈ ઢેબર કોમ્પ્યુટરના ઉચ્ચ અભ્યાસ અર્થે ન્યુઝીલેન્ડ ગયા.

▶▶ કુ. પારૂલ દેસાઈ તથા શ્રીમતી રોહિણીબેન દેસાઈનું સીંગતેલ ભાવ-વધારા ઘટાડા અંગેનું મંતવ્ય તા. ૨૫-૬ ના રોજ ટીવી-૯ ઉપરથી પ્રસારીત થયું.

▶▶ અત્રે ડાન્સ કલાસીસ ચલાવતા હર્ષિત વૈદ્ય એ કોરીયોગ્રાફી કરેલ ગુજરાતી મ્યુઝીક વિડીયો આલ્બમનું શુટીંગ પોરબંદર ખાતે સંપન્ન થયું. તેમનો એક ડાન્સ 'ડોલર-બીગ બોસ' ટીવી કોમર્શીયલમાં પસંદગી પામતાં પુરસ્કાર મેળવ્યો. ડાન્સીગ શીખવા માટે સંપર્ક :- ૯૪૨૭૩૮૦૫૬૨

▶▶ અત્રેના જ્ઞાતિ અગ્રણી શ્રી મનહરભાઈ વૈષ્ણવનાં પુત્રી કુ. કોમલ વૈષ્ણવ લાયનેસ કલબ રાજકોટ મેઈનના ૨૦૧૩-૧૪ ના વર્ષનાપ્રમુખ તરીકે વરણી પામ્યાં. તેઓનો શપથગ્રહણ સમારંભ રાજકોટના ૮૫ સભ્યો અને મહેમાનોની હાજરીમાં યોજાયો. કુ . કોમલ વૈષ્ણવને બે વર્ષ પહેલા આ જ કલબમાંથી "બેસ્ટ સેક્રેટરી" નો એવોર્ડ પણ મેળવેલ. આ કાર્યક્રમમમાં મુખ્ય મહેમાનઅને મુખ્ય વકતા તરીકે આકાશવાણી કલાકાર રેણુબેન યાજ્ઞિક તરીકે ઉપસ્થિત રહયાં હતાં.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભૈરવીબેન આચાર્ય અને પારૂલબેન દેસાઈએ સુંદર રીતે કર્યુ હતું.

▶▶ વિશ્વ પ્રખ્યાત એનજીઓ લાયન્સ કલબ નો સૌરાષ્ટ્ર-કચ્છની ડીસ્ટ્રકીટનો સમારંભ ૨૧-૭-૨૦૧૩ ના રોજ હેમુ ગઢવી હોલમાં યોજાયો જે સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ભૈરવીબેન આચાર્ય અને કુ. કોમલ વૈષ્ણવે તેમની આગવી શૈલીમાં કર્યું હતું.

▶▶ અત્રેના સ્વવ્યસાયિક યુવક શ્રી સંકેત જસ્મીનભાઈ દેસાઈને પાવર ઈલેકટ્રોનીક અને સોલાર એનર્જી -મેન્યુ દ્વારા ગુજરાત અને રાજસ્થાન સરકારના છેલ્લા ૬ માસ દરમીયાન ૧૩ માંથી ૧૧ ટેન્ડરોનો ગુણવત્તાના આધારે કોન્ટ્રાકટ મળ્યો.

▶▶ અત્રેના શ્રેય ચૈતન્ય અંજારીયાએ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં બી.ઇ.(ઇંટી)માં પ્રવેશ મેળવ્યો.

▶▶ **મુંબઈ :** યસ બેંકના મેનેજીંગ ડીરેકટર <u>ઓફીસમાં કાર્યરત</u> શ્રીમતી ઋત્વા ધ્વનિ ઓઝા(વલ્લભ વિદ્યાનગર સ્થિત શ્રી ઉમેશભાઈ નાગેશભાઈ દેસાઈનાં પુત્રી) ને આસીસ્ટન્ટ વાઈસ પ્રેસીડન્ટના ઉચ્ચ હોદા ઉપર બઢતી આપવામાં આવી. (મે માસમાં છપાયેલ સમાચાર લીટી મુજબ સુધારીને વાંચશો. શરતચૂક દરગુજર)

▶▶ **વડોદરા :** નાણાવટી વિદ્યોતેજક ગ્રુપ વડોદરા દ્વારા ગુજરાતમાં વસતા નાગર તથા નાગર બ્રાહ્મણ વિદ્યાર્થીઓને ગુણવતાના ધોરણે વર્ષ ૨૦૧૩ માટે પારિતોષિક આપવામાં આવશે. માર્ચ ૨૦૧૩ માં ગુજરાત બોર્ડ તથા સીબીએસઇ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૧૦, ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) માં ૮૦% કે તેથી વધુ અને ધોરણ ૧૨(સામાન્ય પ્રવાહ) માં ૭૫% કે તેથી વધુ ગુણ મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીએ તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૩ સુધીમાં ગુણપત્રકની પ્રમાણિત નકલ, સરનામા અને ફોનનંબર સાથેની અરજી ડો. રવિન્દ્ર એસ. નાણાવટી," બિલિપત્ર" એ-૧૮,ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪ ખાતે મોકલી આપવી.

▶▶ તા ૫ મે વિશ્વ હાસ્ય દિનના ઉપલક્ષ્યમાં અત્રે સામાજિક આર્થિક પછાત બાળકો માટે કાર્યરત સંસ્થા દ્વારા ચિકકાર મેદની વચ્ચે કોમેડી કીંગ રાજુ શ્રીવાસ્તવનો હાસ્યનો રંગારંગ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૯ ચુનંદા કલાકારોને ઓડીશનથી પસંદ કરવામાં આવેલ. અત્રેના હાસ્ય કલાકાર તરીકે જાણીતા ડો. રાજેન્દ્ર કે હાથી ને તેઓની હાસ્ય કલાકાર તરીકેની કારકીંદી લક્ષમાં લઈને વિશેષ આમંત્રિત

કરવામાં આવતાં તેઓએ ૧૦ મીનીટમાં હિન્દી ગુજરાતીમાં મૌલિક, નિર્દોષ શાકાહારી જોકસ રજુ કરી રાજુજી અને શ્રોતાઓને હાસ્યથી તરબોળ કર્યા હતા. રાજુ શ્રીવાસ્તવે સહી સાથે પ્રશસ્તિપત્ર તથા શ્રી ૧૫૦૦નાં ગીફટ કુપનો આપ્યાં હતાં.

▸▸ **જામનગર :** જામનગર નાગર મહિલા ગરબા મંડળ જે છેલ્લા ૨૦ વર્ષથી આસો નવરાત્રિમાં ૯ દિવસ બેઠા ગરબાનું આયોજન કરે છે અને લગભગ ૨૦૦ બહેનો ભાગ લે છે. આ મંડળ દ્વારા નાગર જ્ઞાતિબંધુઓના સ્વરચિત ગરબા સાથે જામનગરમાં આવેલ કુળદેવીઓના ઈતિહાસ, સ્થાપન વગેરેના માહિતી સભર ૧૬૦ પાનાના પુસ્તક " શકિત સ્મરણ"નું વિમોચન અખિલ ભારતીય નાગર પરીષદ ના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી રજનીકાન્તભાઈ મહેતાના હસ્તે તા. ૧૪-૭-૨૦૧૩ના કરવામાં આવ્યું. શ્રી રજનીકાન્તભાઈએ આ ભગીરથ કાર્યથી પ્રભાવિત થઇ ગરબા મંડળને આ કાર્ય માટે રૂા. ૧૧૦૦૦ નું યોગદાન પણ આપ્યું. ઉપરાંત  તેઓ દ્વારા સર્વ જ્ઞાતિજનો માટે 'આનંદના ગરબા'ની ભાવાર્થ સાથેની પુસ્તિકાનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની હાજરી વચ્ચે મંડળ ના આમંત્રણને માન આપી રાજકોટના ઉપાધ્યક્ષ શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ,જૂનાગઢથી જાન્હવીબેન ઉપાધ્યાય તથા જૂનાગઢ અ.ભા. ના.પ. ના પ્રમુખ પૂર્ણિમાબેન તથા સભ્ય ભાવનાબેન વૈષ્ણવ ઉપસ્થિત રહેલ. આ કાર્યમાં કારોબારીના દરેક સભ્યોએ જહેમત ઉઠાવી કાર્યને સફળ બનાવવમાં સહભાગી બન્યા હતા.

▸▸ **જામનગર :** અત્રેના ટાઉન હોલ જામનગર ખાતે સખી કલબ દ્વારા જુનાગઢના નાણાવટી બ્રધર્સનો ગુજરાતી સુગમ સંગીતનો કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ સોનલ મનોજભાઈ નાણાવટી દ્વારા સફળતાપૂર્વક યોજવામાં આવેલ.

▸▸ લેડીઝ ચેમ્બર્સ ઓફ કોમર્સ જામનગર દ્વારા આયોજિત ઓપન  જામનગર વાનગી હરીફાઈ ના જજ તરીકે સ્ટાર પ્લસ "માસ્ટર શેફ ઓફ ઈન્ડીયા" ના રનર્સ અપ શ્રી જેહાન સરકારી ઉપસ્થિત રહેલ જે સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રીમતી સોનલ મનોજ નાણાવટીએ કરેલ.

▸▸ અ.ભા. ના પરીષદની રાષ્ટ્રીય કારોબારીમાં અત્રેના શ્રી અંબરીષભાઈ જથ્થલ કોષાધ્યક્ષ તથા શ્રી હિમાંશુભાઈ બી. ધોળકીયા સહ કોષાધ્યક્ષ તરીકે નિમાયા.

▸▸ અત્રેના શ્રી રક્ષેષભાઈ બી. મજમુદાર લાયન્સ કલબ ઓફ જામનગર વેસ્ટમાં સભ્ય તરીકે તથા જાયન્ટસ કલબના વાઈસ પ્રેસિડન્ટ તરીકે વરાયા.

▸▸ **ખંભાળિયા :** (આજની યુનિ.કોલેજોના રેઢીયાળ તંત્રમાં વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરનાર શિક્ષણતંત્રમાં )કુ. વાચા નિખીલચંદ્ર માંકડ બી.કોમ.માં નાપાસ જાહેર કરવાં આવેલ. અનેપેપર ખોલાવતાં ૫૦% સાથે પાસ જાહેર કરવામાં આવ્યાં. કુટુંબીજનોએ  સૌને આઈસ્ક્રીમ પાર્ટી આપી હતી.

▸▸ શ્રીમતી ફાલ્ગુની જલ્પેશ માંકડ અંગ્રેજી માધ્યમની શાળામાં જોડાયાં.

▸▸ જીજ્ઞેશ કિરીટભાઈ માંકડ માહી ડેરીમાં જોડાયા.

▸▸ **જૂનાગઢ :** પ્રેરક નંદીશ ધોળકીયાએ ધીરુભાઈ અંબાણી ICTગાંધીનગર – બી.ટેક.માં પ્રવેશ મેળવ્યો.

▸▸ કુ. હીના જનકભાઈ છાયાની સમર સ્પેશયલ ડીલાઈટ અને ગોળકેરીનું શાક જેવી પરંપરાગત વાનગીઓ ઈ ટીવીના 'ફલેવર્સ ઓફ ગુજરાત'ના તા. ૧૭/૫ ના કાર્યક્રમમાં રજૂ થઈ.

▸▸ **અમદાવાદ :** પાર્થેય રાજેન્દ્રભાઈ (જામનગર) મંકોડી તાજેતરમાં લેવાયેલ બી.ઈ. (ઈ.સી)ની પરીક્ષામાં ડીર્સ્ટીગ્શન સાથે ઉત્તીર્ણ થઈ વિદ્યાનગરની  કોલેજમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિમાયા.

▸▸ ઉમેશભાઈ એન. ઢેબર બેંક ઓફ બરોડામાં ગ્રેડ-૨ બઢતી સાથે આણંદ રી. વાંઠવાડી રૂરલ બ્રાંચમાં બદલાયા.

## પરિક્ષાના પરિણામ

**એમ. ટેક. કોમ્પ્યુટર એન્જી.માં પ્રથમ વર્ષ**

જટાયુ હર્ષિતભાઈ બક્ષી ડીસ્ટીંગશન જૂનાગઢ
(ડીડી. યુનિ.નડિયાદ)

**બી.ઈ. (ઈસી)**

ઋત્વીજ હિતેનભાઈ ત્રિવેદી ૯૦% પોરબંદર

**બી. એડ.**

શ્રીમતી ફાલ્ગુની સંકેત દેસાઈ ૮૧% રાજકોટ

**બી.ઈ.(સીઇ)**

દર્શ વ્યોમેશ અંતાણી ડીસ્ટીં. રાજકોટ
કુ. સોનાલી પંકજભાઈ દેસાઈ ડીસ્ટીં. મહુવા

**બી.ઇ. (ઇલે.)/ (૨) ઈસી.**

પરાગ નીલકંઠભાઈ વસાવડા ૭૧% જૂનાગઢ
સિતાંશુ વિશ્વેશ દેસાઈ ડીસ્ટીં ભાવનગર

**ડીપ્લોમા સી.ઈ.**

ખૂશ્બુ જયેશ રીંડાણી ૯૦% જામનગર
વ્યોમા બકુલભાઈ વૈશ્નવ ૯૦% રાજકોટ

**બી.પી.ટી.**

ડો. નિરાલી વિનયકુમાર બુચ પ્રથમ વર્ગ રાજકોટ

**બીએચએમએસ. (પ્રથમ વર્ષ)**

જયતિ વિનયકુમાર બુચ પ્રથમ વર્ગ રાજકોટ

**એમ. ફાર્મ. સેમે.-૨**

અપેક્ષા શરદભાઈ ઝાલા ૭૧% આદીપુર

**બી.સી.એ. (ફાઈનલ)**

ત્વરા પાઠક ૭૩% જૂનાગઢ

**બી. કોમ.**

વાચા નિખીલચંદ્ર માંકડ દ્વિતીય વર્ગ ખંભાળીયા

**એસ વાય બી કોમ.**

આર્ષ અક્ષય વૈદ્ય ૮૯% ભાવનગર

**બીબીએ**

પૂજા જ્યોતીન્દ્ર ધોળકીયા ૭૫% વેરાવળ

**ધો.૧૨**

વૈશ્નવી પાર્થિવ મહેતા ૯૨% ભાવનગર
ભારવી કલ્પિત ઓઝા ૯૯.૩૭ પીઆર. રાજકોટ
દ્વિત પન્નગ વોરા ૮૭% રાજકોટ
જિનલ રાજેશ બક્ષી ૯૨% મુબંઈ
ઋત્વા દિપક અંતાણી દ્વિતીય વર્ગ રાજકોટ
હર્ષ પરેશકુમાર બુચ ૮૯% ગાંધીનગર

## જોઈએ છે : વડનગરા નાગર બ્રાહ્મણ યુવકને કન્યા...

બી. ઈ. (ઈન્સ્ટ્રુમેન્ટ)

જન્મ : ૩/૧૯૮૬

ઉંચાઈ : ૫'.૪"

જામનગરમાં રીલાયન્સ કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા.

સંપર્ક :
૦૨૬૫–૨૩૯૦૦૩૪
મો. ૯૯૨૫૦૧૪૨૩૬

## સગપણ – સગાઈ

– અંકલેશ્વર સ્થિત કાવ્યા અનિલભાઈ બક્ષીનું સગપણ ભરૂચ સ્થિત ફેનિલ ઉદયનભાઈ દેસાઈ સાથે. (બરછીના માધ્યમથી)


– વડોદરા સ્થિત અ.સૌ. ચંદ્રિકાબેન જયંત ભાઈ ધોળકિયાના પુત્ર ડો. ઉજ્જવલનું સગપણ અમદાવાદ સ્થિત અ. સૌ. રાગેશ્રીબેન કૌટિલ્ય ભાઈ દેસાઈનાં પુત્રી ડો. રચના સાથે.

– રાજકોટના પાર્થ કિરણભાઇ વસાવડાનું સગપણ અંજારના ખુશાલી મુકેશભાઇ ધોળકિયા સાથે.

– અમદાવાદ સ્થિત પૂર્ણાબેન ઉદયભાઈ બુચના પુત્ર મીતનું સગપણ વડોદરા સ્થિત અમીતાબેન રાહુલભાઈ વસાવડાના પુત્રી કુંજન સાથે. (ભૂલ-માફ..ગતાંકનો સુધારો)

(પરિણામ છેલ્લાં આવતા અંકમાં..બાકી હોય તો લખાવશો..ન આવેલ હોય તો ફરી લખાવશો.)

# દક્ષિણ આફ્રિકા રંગભેદ નીતિના લડવૈયા, સ્વ. શ્રી સુરેન્દ્રરાય બાપુભાઈ મેઢ



૩૫ વર્ષ સુધી ગાંધીજીને સત્યાગ્રહની લડતમાં સાથ આપી પોતાની જિંદગી દેશને અર્પણ કરનાર દક્ષિણ આફ્રિકામાં રંગભેદનીતિમાં લડત આપનાર સત્યાગ્રહી,નવી પેઢી માટે દીવાદાંડી રૂપ, સ્વ. શ્રી સુરેન્દ્રરાય મેઢનો નાગરી આલમને બહુ ઓછો ખ્યાલ હશે. આવો, અમદાવાદના શ્રી રઘુવીર ખારોડ અને પરેશભાઈ ધ્રુવ સંકલિત-લિખિત વધુ એક નરબંકા નાગરનો પરિચય મેળવીએ..

ઈ.સ. ૧૮૭૮માં અમદાવાદની આકાશેઠકુવાની પોળમાં રહેતા પ્રતિષ્ઠિત નાગર દંપતિ મનવંતબેન બાપુભાઈ મેઢની કૂખે આ પ્રતાપી નાગર ગગનના સિતારા શ્રી સુરેન્દ્રરાય મેઢનો જન્મ થયો. તેમના જન્મ સમયે શહેર અમદાવાદ સ્વાધિનતાની લડતનું મોખરાનું કેન્દ્ર હતું. ખાડિયાની સક્રિયતાની નોંધ બ્રિટિશ પાર્લામેન્ટમાં પણ લેવાતી હતી. શ્રી સુરેન્દ્રરાય મેઢ નાની વયે ધંધાર્થે દક્ષિણ આફ્રિકા ગયેલા જ્યાં પૂજ્ય ગાંધીજીના સંપર્ક તથા પ્રભાવથી હબસીઓને થતી અંગ્રેજો દ્વારા કનડગતના સત્યાગ્રહમાં અગ્ર સ્થાને જોડાયા. પૂ. બાપુએ જીવનચરિત્ર ભાગ- ૧ માં જણાવેલ છે કે દ. આફ્રિકાના દ્વિતીય સત્યાગ્રહના કેદીઓ માટે ફિનીકસ વસાહત નાતાલમાં ટોલ્સ્ટોય ફાર્મમાં આશ્રમ અને નિશાળની સ્થાપના કરી હતી. કે જેના સંચાલક શ્રી સુરેન્દ્રભાઈ મેઢ તથા પ્રાગજીભાઈ હતા. આ બંન્નેના માર્ગદર્શનનો વિશેષ લાભ આ સત્યાગ્રહ લડતને પ્રાપ્ત થયો છે તેવું બાપુ એ ૧-૪-૧૯૧૨ ના રોજ રતન ટાટાને લખેલ પત્રમાં જણાવ્યું હતું.

ત્યારબાદ બંબાટા નામના જુલુ હબસીએ તુગેલી નદી પાર કરી અંગ્રેજોનો પ્રતિકાર કરેલો કે જેને ઝુલુ બળવાનું નામ આપી અંગ્રેજોએ આ બળવાને દબાવી દેવા આફ્રિકાના ગામેગામ શસ્ત્રો વડે કાળો કેર વર્તાવવાનું શરૂ કરતાં ગાંધીજીએ ૨૫ જાતવાન મરણીયા સ્વયંસેવકોની ટૂકડી બનાવી તેના નેતા શ્રી સુરેન્દ્રરાય મેઢને બનાવી ઉગ્ર લડત લડવાનો આદેશ આપેલો. આ લડતમાં શ્રી મેઢે ૧૧ વખત જેલ ભોગવી અને જેલમાં આઠ દિવસના ઉપવાસ પણ કરેલા.

શ્રી મેઢને ૧૯૦૮માં ટ્રાન્સવાલથી દેશનિકાલ કરવા છતાં શ્રી મેઢ તથા સર્વ સત્યાગ્રહીઓએ ટ્રાન્સવાલમાં પ્રવેશતાં તેઓને ૬ માસની સખત કેદની સજા કરવામાં આવેલ. ફિનિકસ આશ્રમમાં પૂ. બાપુએ કેન્દ્રવર્તી પ્રવૃત્તિ શરૂ કરી છાપખાનું ચલાવી પત્રિકાઓ પુસ્તિકાઓ અંગ્રેજોની વિરૂધ્ધની બહાર પાડવાની ઝુંબેશ શ્રી મેઢની મદદથી ચલાવી હતી. ટોલ્સ્ટોય ફાર્મમાં સત્યાગ્રહીઓ તેમના બાળકોને હિંમતપૂર્વક સ્વતંત્રતાનું શિક્ષણ આપવાનું ભગીરથ કાર્ય શ્રી મેઢે કરતાં શ્રી મેઢે બાપુના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી લીધું. ત્યારબાદ શ્રી મેઢ પૂ. બાપુ સાથે ટોલ્સ્ટોય ફાર્મમાં રહેતા હતા. આ જ સમયે પૂ. બાપુ દ્વારા કોઈ એક વ્યકિતને લંડન બેરિસ્ટર થવા મોકલવાના હતા. ગાંધીજીની પસંદગી સ્વભાવિક રીતે શ્રી મેઢની જ હોય પરંતુ બાપુએ સ્પષ્ટ જણાવ્યું હતું કે શ્રી મેઢની સંપૂર્ણ રીતે લાયકાત હોવા છતાં તેમને હું લંડન મોકલી શકતો નથી કારણ કે શ્રી મેઢ જ બાપુના પ્રત્યેક કાર્યમાં તથા વિચારો ઉપર હિંમતપૂર્વક કુનેહથી કાર્ય કરતા હતા. શ્રી મેઢની ગેરહાજરીમાં કાર્યો ઉપર અંધકાર છવાઈ જાય.

ગાંધીજીએ ત્યારબાદ ફિનીકસ આશ્રમની મિલ્કતનું એક ટ્રસ્ટ બનાવ્યું જેમાં ૫ કર્મનિષ્ઠ સભ્યો લીધેલા, જેમાં શ્રી મેઢ મહત્વનું સ્થાન પામ્યા હતા. જેમાં એક મુસ્લિમ બિરાદર પણ હતા. શ્રી મેઢ ઈ.સ. ૧૯૧૫માં અમદાવાદ આવ્યા અને એક ઉચ્ચ સંસ્કારી શશીકલાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા આ જ સમયમાં બાપુ પણ અમદાવાદ આવેલા અને શ્રી મેઢને મળવા ઘરે ગયા અને શ્રી મેઢને ત્યાં રાત્રી રોકાણ

પણકરેલું. બાપુએ ક્રાંતિદર્શન પદયાત્રા પુસ્તિકામાં લખ્યું છે કે અમદાવાદ સ્વાધિનતાની પ્રત્યેક લડતનું કેન્દ્રસ્થાન હતું કે જેમાં શ્રી મેઢનું નિવાસસ્થાન મોખરાનું સ્થાન ધરાવતું હતું. આ સમય દરમિયાન રાયપુરમાં નગરજનો દ્વારા બાપુનું સન્માન કરવામાં આવતાં બાપુએ સ્પષ્ટ પણે જણાવ્યુ હતું કે દ. આફ્રિકામાં મેં જે કર્યું તે મેઢના સહયોગથી જ શકય બન્યું અને તે માટે મારૂં નહી પણ શ્રી સુરેન્દ્રભાઈ મેઢનું સન્માન કરવું જોઈતું હતું. બાપુનં આ કથન સ્પષ્ટ દર્શાવે છે કે ખાડીયા રાયપુરના બહુ આયામી વ્યકિતત્વ ધરાવતા આ ખાનદાની, સ્વમાની, પારદર્શક, તેજસ્વી નાગરબંકા શ્રી મેઢ નું દ. આફ્રિકાના જંગમાં કેટલું વિશિષ્ટ પ્રકારનું પ્રદાન રહયું હશે !

લગ્નના થોડા વર્ષો પછી ફરી ગાંધીજીના આદેશથી ધર્મપત્ની શ્રીમતી શશીબાળા મેઢ તથા એકની એક ૮ વર્ષની પુત્રી રશ્મિબાળાને તેઓ તેમનાં બહેન શાંતીબેન દીનકરાય ધ્રુવને સોંપી ફરી દ. આફ્રિકા જવા રવાના થયા. દ. આફ્રિકા જઈ ફરી આશ્રમનો વહીવટ સંભાળી બાપુએ સોંપેલા કાર્યોને ન્યાયપૂર્ણ રીતે આગળ ધપાવવા લાગ્યા. અહીં અમદાવાદમાં શ્રી મેઢના બહેન, ભાભી અને ભત્રીજીને ઉચ્ચ નાગરી સંસ્કારમાં ઉછેરી ભણાવી ગણાવી તેણીના લગ્ન ધામધૂમથી કરાવી બહેનભાઈના લોહીના સંબંધ તથા આદર્શનો નાગરી સમાજમાં દાખલો બેસાડયો. અલ્બત શ્રી મેઢ બહેન, પત્ની તથા પુત્રીના ખબર અંતર પૂછવા દ.આફ્રિકાથી અવાર નવાર આવતા ત્યારે ગાંધીજીના પુત્રો અન્ય રાજકારણીઓ તથા સ્વ. શ્રી મોરારજીભાઈ દેસાઈ પણ અમદાવાદના ઘરે ખબરઅંતર પૂછવા આવતા.


૧૯૫૩માં દ. આફ્રિકામાં શ્રી સુરેન્દ્રભાઈની તબીયત બગડતાં કાયમ માટે અમદાવાદ પરત આવી ગયા અને ૧૯૫૮ માં ૮૦ વર્ષની ઉંમરે અમદાવાદ ખાતે તેઓનો સ્વર્ગવાસ થયો. આવા નરબંકા નાગરરત્ન આપણી જ્ઞાતિમાં અવતર્યા તે આપણી જ્ઞાતિનું અહોભાગ્ય સમજી શ્રધ્ધાસુમન અર્પીએ...

**કલમ કડછી બરછી આવતા મહિને ૫૦ વર્ષમાં પ્રવેશ કરશે...**ઘણું બદલાય ગયું છે ત્યારના હીંચકાના સમયથી આજના સોફા સુધી સંકળાયેલા રહેલા વડીલ કે પેઢી દર પેઢી બરછી સાથે સંકળાયેલા રહેલા જ્ઞાતિબંધુઓ નામ/ઉંમર, અગાઉના સંસ્મરણો તથા અગાઉ પ્રતિનિધી તરીકે સેવા આપેલ જેનો અમને ખ્યાલ પણ ન હોય કે ભૂલી ગયા હોઈએ તેવા વડીલોના નામ–કયારે (વર્ષ) તથા લેખકો–કવિઓના શાંતિભાઈ સાથેના સંબંધો, ત્યારની વાતો, અનુભવ,ત્યારના સમાચારો (પોતે કે જાણ હોય તો પરિજનો લખી મોકલે) તેમજ ત્યારથી આજ સુધીના દરેક વય–વર્ગના જ્ઞાતિજનોને બરછી સાથેના સંસ્મરણો, કડવા મીઠા અનુભવો, પ્રતિભાવ લખી મોકલવા ઈજન છે. 'શેર' કરશો તો ગમશે કદાચ અમારી જાણ બહારનું પણ સૌને જાણવા–માણવા મળશે. – વિરેન ધોળકિયા

## કુ. કિંજલની અનેરી સિધ્ધિ

જુનાગઢના કુ. કિંજલ જીતેન્દ્રભાઈ ઝાલા માનસિક વિકલાંગ છે જુનાગઢની મંગલમૂર્તિ શાળામાં અભ્યાસ કરી રહેલ કિંજલની નોંધ લેવા જેવી બાબત એ છે પાંચ વર્ષની ઉંમર સુધી વાચા પણ ન હતી- બોલી શકતી ન હતી. તેના સંગીતના શિક્ષકોના પ્રયત્નોથી વાચા મળી એટલું જ નહીં તાજેતરમાં કરાઓકે આધારીત સીડી "લીપી વિહોણા સૂર" પ્રસિધ્ધ કરી વિમોચન કરવામાં આવ્યું. કુ કિંજલને ૧૦૦ થી વધુ ભજનો, સુગમ સંગીત, ફિલ્મી ગીતો કંઠસ્થ છે. તેણીએ સ્પેશ્યલ ઓલિમ્પીક–૨૦૧૦માં ગોલ્ડ મેડલ અને યુવા મહોત્સવમાં નેશનલ લેવલ સુધી સંગીતમાં સફળતા મેળવી છે. તો રાજય બહાર પણ અનેક સ્પર્ધાઓમાં અગ્રસ્થાન હાંસલ કરેલ છે.

## ફરી કાંસ્યપદક મેળવતાં જુનિયર બોકસર હૃદયા કશ્યપ



તા. ૭ જૂલાઈના રોજ મહારાષ્ટ્ર રાજ્ય સબ જુનિયર કરાટે ચેમ્પિયનશીપ-૧૩ અંતર્ગત મુંબઈ ખાતે યોજાયેલ કરાટે કોમ્પિટીશનમાં ચિ. હૃદયા તેજસભાઈ કશ્યપે ૧૨ વર્ષથી નીચેના ગ્રુપમાં SHIAI (બોકસીંગ)માં વિજેતા બની ફરી એકવાર કાંસ્યપદક મેળવ્યો છે. તેણી સતત ત્રણ વર્ષથી વિજેતા બની બ્રોન્ઝમેડલ મેળવી રહેલ છે. અભિનંદન.

નવા વર્ષમાં ભાવવધારા કે મોંઘવારીનો ભાવવધારો ન કરતાં પોસ્ટેજનો અનિવાર્ય બનેલ વધારો કરવો પડે છે દરગુજર કરશો.. છતાં આ કારણે નવા વર્ષથી બરછીના સભ્ય તરીકે ચાલુ ન રહેવા માગતા બંધુઓના અત્યાર સુધીના સહકાર બદલ આભારી છીએ. તેમજ અમારા પ્રત્યેના સદ્‌ભાવ થકી બરછીનું આર્થિક ભારણ ઘટાડવાના શુભભાવથી  વર્ષ દરમ્યાન ગાંઠના પૈસે અને સમય ફાળવી ઘેર ઘેર બરછી પહોંચાડવાની કપરી કામગીરી કરનાર અનેક સાચા સેવકો એવા બંધુઓ, પ્રતિનિધીઓ તેમજ રૂબરૂ કાર્યાલયેથી બરછી લઈ જઈ સેવાસહયોગ આપનાર રાજકોટના  અનેક બંધુઓ પ્રત્યે વર્ષના છેલ્લા અંક સમયે ફરી અંતઃકરણ પૂર્વક આભાર વ્યકત કરીએ છીએ અને આખું વર્ષ આવી સેવા આપનાર બંધુઓને પોતાનું લવાજમ ન મોકલી અમને ઋણમુકત રાખવા વિનંતી કરીએ છીએ. નવા વર્ષમાં વ્યકિતગત આર્થિક ભારણ વધશે પરંતુ બરછીનુ ઘટતાં નિયમિતતા જાળવવાના સંન્નિષ્ઠ પ્રયત્નો રહશે. અમારી મુશ્કેલીને કારણે 'અંક ન મોકલવા તરફ શંકાની સોય' સાથે અમદાવાદ, મુંબઈના ગ્રાહકોની સતત ફરીયાદ મળતી રહી છે પરંતુ લાચારી સાથે સ્પષ્ટતા કરીએ કે રીન્યુ થતા જતા દરેક ગ્રાહકોનું દર મહીને કોમ્પ્યુટર મેઈલીંગ લીસ્ટનું પ્રિન્ટઆઉટ કાઢી કોઈને પણ બાકાત રાખ્યા વગર ટપાલથી અંકો મોકલતા રહયા છીએ/રહીશું.–તંત્રી.

## બરછીના ૫૦મા વર્ષના ઉપલક્ષ્યમાં બે નવી સેવા

બરછી ૫૦ વર્ષનું થઈ રહયું છે ત્યારે તેમાં આવતા સમાચારો કે માહિતીનો હેતુ આત્મશ્લાઘા સાથેના પ્રચારનો નહી પરંતુ સ્વાનુભવે સમજાતી કે આપ સૌ તરફથી જ્ઞાતિ/જ્ઞાતિબંધુઓની કાળક્રમે બદલાતી રહેતી વિશેષ સામાજિક જરૂરીયાતો/સમસ્યાઓની નોંધ કરતા રહી તે મુજબ સૂઝી આવતા કે આપના સૂચનો મુજબના સમાચારો કે બૃહદ હિતાર્થની માહિતી પ્રસારિત કરવાનો છે. આ કોમ્યુનિટી નેટવર્કીંગ માધ્યમ જાળવવું, તથ્ય જાણવું, વિશ્વાસ–અવિશ્વાસ તમારા આધિન..ફિલોસોફી બહુ થઈ કેમ?..વાંચો, સેવાયોજના વિશે માહિતી...

(૧) આજે શિક્ષણ પ્રથા ધંધાદારી થતી જાય છે તેમ તેનું ધોરણ પણ કથળતું જાય છે. અમારા મતે આપણી જ્ઞાતિમાં ભલે વ્યવસાયિક હોય પરંતુ  પોતે મેળવીને નિષ્ઠાથી પૂરૂં વળતર આપનાર વધુ હશે. આવા શિક્ષકો પણ છે, જે વ્યાવસાયિક છે પરંતુ પોતાની જવાબદારી સમજે છે, જે ખરા અર્થમાં વિદ્યા આપે છે પરંતુ વર્ષોથી સંકળાયેલા હોવા છતાં ઘણાનો ખ્યાલ પણ નથી હોતો. અને જ્ઞાતિના વિદ્યાર્થીઓ સારા શિક્ષણથી વંચિત રહે છે તેવી રીતે જ  આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓ પણ શિક્ષણ–અભ્યાસનું તથા વાલીના પોતાની પાછળ થતા ખર્ચનું મહત્વ સમજે છે. ત્યારે જ્ઞાતિના વિદ્યાર્થીઓના શિક્ષણનું સ્તર ઉપર જાય બંનેને લાભ/ફાયદો થાય તે હેતુથી કોઈપણ ગામમાં ધો. ૯ થી કોલેજ કક્ષાના ૫ વર્ષથી વધારે વર્ષના અનુભવી (આજની શિક્ષણની હાટડીઓમાં તેની ખોટ છે એટલે) ઘેર ટયુશન કરતા, કલાસીસ કે સ્કૂલ ચલાવતા જ્ઞાતિબંધુઓના નામ, ધોરણ, વિષયો, અનુભવ જેવી વિગત સાથે ફોન/મો. નંબરની માહિતી આવતા અંકમાં પ્રસારિત કરવાનું નકકી કરેલ છે. વિદ્યારૂપી વળતર શિક્ષકોએ વિદ્યાર્થીઓને ચૂકવવાનું છે...બરછીને કિંમત રૂપે નહીં. હા, ઉપરોકત વીગત રૂબરૂ કે ટપાલ/કુરિઅર દ્વારા લેખિતમાં બરછી કાર્યાલયે પહોંચાડવાની તકલીફ લેવાની રહેશે.

(૨) ૫૦–૫૫ આસપાસની વયમાં પતિ કે પત્ની ગુમાવનારની કે પાછલી ઉંમરમાં જરૂરીયાત ઉભી થયા બાદની પરિસ્થિતિ ઘણી વિકટ બનતી હોય છે. સંતાન ન હોય ત્યારે વધુ સહારા/જીવનસાથીની જરૂર જણાય છે. જરૂરીયાતમંદ આવા પ્રૌઢ  યુવક–યુવતીઓના નામ, અભ્યાસ, ઉંમર, શિક્ષણ, નોકરી, સરનામું તથા ફોન નંબર, અન્ય માહિતીમાં છૂટાછેડા–ખોડખાપણ જેવી માહિતી બરછી કાર્યાલયમાં એકત્રિત કરવાનું નકકી કરેલ છે. આવી માહિતી મળ્યેથી બરછીમાં આ મુજબની જાહેરાત છાપવામાં આવશે.(જોઈએ છે : ––––– વર્ષના પ્રૌઢ યુવક / યુવતીને યોગ્ય જીવનસાથી) આવી જાહેરાત આવ્યા બાદ કાર્યાલયનો ફોન/મો.થી સંપર્ક કરતાં જે તે સંબધિત વ્યકિતને જ પૂરી માહિતી આપવામાં આવશે. બાકી ખાનગી રાખવામાં આવશે.

**આપનું લવાજમ પુરું થાય છે...**

# યાદ છે ને ?

આપનું (દરેકનું) લવાજમ આ માસમાં પુરૂં થાય છે...ઓગષ્ટથી શરૂ થતાં નવાં વર્ષ આપનું લવાજમ **રૂા. ૧૫૦/–** કે ૮૦/– પ્રતિનિધીને, મ.ઓ. થી, કે સીધુ કાર્યાલયે મોકલી આપવા વિનંતી છે.

આપ **બેંક ઓફ બરોડા, કાલાવડ રોડ બ્રાંચ, કલમ કડછી બરછી કરંટ એકા.નંબર 15010200000110** (RTGS -BARB 0 KALAWA) **માં પણ લવાજમ જમા કરાવી શકો છો.** રકમ જમા કરાવ્યાની સ્લીપની ઝેરોક્ષ કાર્યાલયે મળતાં લવાજમ રીન્યુ કરવામાં આવશે/ નવા ગ્રાહકોને ત્યારબાદ અંક મોકલવામાં આવશે. સ્લીપ પાછળ / સાથે આપનું નામ, સરનામું, ફોન નંબર અને (જૂના ગ્રા. હોય તો) ગ્રાહકનંબર અચૂક લખશો. મનીઓર્ડરથી લવાજમ મોકલો તો સેટેલાઈટ–ઈલે. મ.ઓ.માં વિગતમાં ગ્રાહક નંબર લખી શકાય છે તેથી અચૂક લખશો તેમજ મ.ઓ. કર્યા બાદ ફોનથી પણ ગ્રા.નં. લખાવી દેશો. નવા થનાર ગ્રાહકોને જણાવવાનું કે તા. ૧૫ ઓગષ્ટ સુધીમાં લવાજમ મળેલ દરેક ગ્રાહકોને બરછીના ઓગષ્ટના અંકની એડ્રેસ સ્લીપમાં RENEWED UPTO 7- 2014 પ્રિન્ટ થયેલ આવશે. ત્યારબાદ થયેલ ગ્રાહકોને અંક સ્ટોકમાં હશે ત્યાં સુધી મોકલવામાં આવશે. સપ્ટેમ્બરથી 7- 2014 સ્લીપમાં પ્રિન્ટ થઈને આવશે. એકવાર બરછીની સ્લીપમાં RENEWED UPTO 7- 2014 આવી જાય પછી અંક ન મળવાની ફરીયાદ આપના પોસ્ટમેન/ પોસ્ટઓફીસમાં કરશો.આ અંગે પ્રતિનિધીને બદલે સીધા કાર્યાલયે ફોન કરશો.

જો આપ નેટ ઉપર ઈ–બરછી વાંચવા માગતા હો તો **રૂા. ૮૦/–**ભરી આપનું ઈ–મેઈલ આઈડી લખી મોકલશો / પ્રતિનિધીને લખાવશો, જેના ઉપર પાસવર્ડ મોકલવામાં આવશે.

(વધુ પાછળ)


## ABM TRAVELS

**Summer Pleasure** :
Singapore-Malaysia (6N/7D) Rs.74750
Singapore-Malaysia-Thailand (10N/11D) Rs.95750 per Adult/HongKong-Shenzhan (6N/7D)Rs.89750-All Inclusive.
**Honeymoon tours :** Kerala/Rajasthan/Himachal/Goa Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka Langkavi-Penang/Phuket-Krebi-Samui
**Mountain Resort :** Nainital-Mussoorie/Darjeeling-Gangatok - Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh
**Beach Resort :**
Goa/Kumarakom-Alleppy/Kovalam-Poovar
**Readymade tours :**
Himachal: Rs.25555 pp/Kerala:Rs.25555 pp
Bang/Mys: Rs.25555 pp/Sri Lanka Rs.50555 pp
**Above tours :** 5N/6D-Return Airfare/Stay/B/F, Dinner/Transfer/Sightseeing
**COASTA cruise :** Singapore:Rs.46666:3N
**Pilgrims :** CharDham/ Amarnath/Kailas-Mansarovar/Vaishnodevi/Tirupati/Ashta Vinayak Panch Jyotirlings/Shirdi-Shinganapur

**Booking of International destinations**
**SOTC * THOMAS COOK * COX & KING**
**STAR TOURS * CLUB 7 * KESARI**
**Avinash Mehta, Mumbai - 09820817318**
**abmtravels@gmail.com**



**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,**
**સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫**



**KALAM KADCHHI BARCHHI-GRJ-23**
**Registration Valid upto 31-12-2011**
**If not delivered Pl. return to :**
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

**તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા**
**મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩**